24/08/2011 00:05 N 77 #939 Page 01

(41)

ગુજરાત માધ્યમિક શિક્ષણ
વિનિયમો-૧૯૭૪નો વિનિયમ ૧૦ ખ
રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપલ/૧૦૧૧/૪૪૫/અપીલ સેલ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૦/૦૮/૨૦૧૧.
20 AUG 2011

શિક્ષણ વિભાગના તા.૬/૪/૨૦૦૪ના ઠરાવ ક્રમાંકઃબમશ/૨૦૦૪/૭૧૬/છ થી ગુજરાત માધ્યિમક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં વિનિયમ ૧૦ ખ ઉમેરવામાં આવેલ છે, જે મુજબ ચાલુ શાળાઓનાં ક્રમિક વર્ગ અને વર્ગ વધારાની માંગણી નામંજુર કરવામાં આવે ત્યારે આવા નિર્ણય સામે ૩૦ દિવસની મુદતમાં અપીલ કરી શકાય છે.

શાળાઓમાં ક્રમિક વર્ગ અને વર્ગ વધારા શિક્ષણ વિભાગના અંદાજપત્રમાં આ માટે થયેલ જોગવાઇઓની મર્યાદામાં જ મંજુર કરી શકાય છે, ત્યારે આવી માંગણીઓ પરત્વે થયેલ નિર્ણય સામે અપીલની જોગવાઇ કેટલી વ્યવહારૂ છે, તે અંગે વિચારણા કરવાનું જરૂરી લાગ્યું. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ નો વિનિયમ ૧૦ ખ તાત્કાલિક અસરથી રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યિમક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. જે. બ્રહ્મભટ્ટ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ

માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.મા.અને પ્રૌઢ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.અને તા.શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર